ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખૂન-ખરાબા-ચોરી લૂંટ, પોલીસ અકળાય છે!*
*મળે કોઈ કૌભાંડ, એમાં નેતાજી સંકળાય છે!*
*ટકરાય છે સંબંધો ને આવે ક્યાંકથી દબાણ -*
*ફસાય ના બૂલટેગર, જુગારી પકડાય છે!*

### હાઈકુ

*લે છે ભીસમાં -*
*કાયદો અને ન્યાય -*
*સત્ય ને પણ...*

*ફરે છે મુક્ત*
*ફરિસ્તા થઈ ગૂંડા -*
*સત્ય જેલમાં...*

### ચિંતન

**બાદ બિબાદે વિષઘના, બોલે બહુત ઉપાધ,**
**મૌન ગ્રહે સબકી સહૈ, સુમિરે નામ અગાધ ॥**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

વાદ-વિવાદ કરવામાંથી વિકાર ઉત્પન્ન થાય છે અને આ વિકાર એક પ્રકારનું વિષ જ છે, આમ કહેતા કબીર કહે છે કે 'બોલત બોલત બઢે વિકાસ' બોલવાથી આવા વિવાધ કરવાથી વિચારોનાં મતભેદ ઊભા થાય છે અને આવા મતભેગ ઘણી ઉપાધિ ઊભી કરે છે.

મૃત્યુલોકના માનવીઓની સાથે સાથે કબીર સાધુ સંતો પણ જે વેદ ઉપનિષદ વગેરે શાસ્ત્રાર્થની ચર્ચા વિચારણા કરતાં હોય તેઓને પણ તેમાં સંયમ રાખી, વાદવિવાદને આગળ ન વધવા દેતાં મૌન ધારણ કરી લેવાની અને કોઈ જે દલીલ કરે તે સાંભળી, સ્વીકારીને સહન કરી પોતે એક ધ્યાનથી પ્રભુસ્મરણમાં ચિત્ત લગાડી દેવાની સલાહ આપે છે.

### સુવિચાર

- જે માણસ પહેલો હાથ ઉપાડે, તે કબૂલ કરે છે કે તેની પાસે વિચારો ખૂટી પડ્યા છે - **ચીની કહેવત**
- હાથીની છાતી ચીરી નાખવાની શક્તિ ધરાવનારમાં માણસાઈ ન હોય તો તે મર્દ નથી - **મુંબઈ સમાચાર**
- માણસો પાસે તેમને ન ગમતું અને ન ઈચ્છેલુ કામ કરાવવાની કાબેલિયત એટલે 'નેતૃત્વ' - **હેરી ટ્રુમેન**
- 'આપણે શું ?' એમ કહેનાર જ કુદરતનો મોટો ગુનેગાર છે - **દાદા ભગવાન**
- 'જ્ઞાન' વગર ઈચ્છા જાય નહીં - **સોક્રેટિસ**
- એક ઠગને પણ મહત્ત્વ આપીએ તો તે પ્રામાણિક માણસની જેમ વર્તશે - **પરાશર**
- આજનું ઔષધ : ધતુરાના પાનનો ૨૦૦ ગ્રામ રસ કાઢી તેમાં ૨૦ ગ્રામ હળદર અને ૨૦૦ ગ્રામ સરસીયું તેલ નાખી ગરમ કરી રસ બાળી માત્ર તેલ રહે તેમ, તે તેલની માલિશ કરવાથી જકડાઈ ગયેલા અંગો છૂટા પડે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રણમાં રેતીનું તોફાન આવ્યું. એક બુઝુર્ગ માણસ પોતાના કાફિલાથી વિખૂટો પડી ગયો. આંખમાં રેલી ભરાઈ ગઈ. કંઈ દેખાતું ન હતું. જોરદાર પવનમાં એક વૃક્ષનું ઠૂંઠું હાથમાં આવી ગયું. તેને પકડી રાખ્યું અને બચી ગયો. તોફાન પૂરું થતાં તેણે વૃક્ષના સૂકા ઠૂંઠાનો આભાર માન્યો અને કહ્યું, 'હે વૃક્ષ, તારો આભાર. ભલે તું ખુદ સુકાઈ ને મરવાના વાંકે જીવી રહ્યું છે છતાં તું મારો જીવ બચાવવામાં મદદરુપ થયું.' ઝાડના ઠૂંઠાએ દુઃખી સ્વરમાં કહ્યું, 'અત્યારે હું માત્ર ઠંઠા જેટલું બાકી રહ્યું પણ થોડા વખત પહેલા એક લીલુછમ્મ ઘટાદાર ઝાડ હતું પણ અહીંથી પસાર થતા માણસો એ અને તેમના ઊંટ, બકરીઓએ મારા આ હાલ કરી નાખ્યા છે અમે માનવજાતને ખૂબ કામ લાગ્યા છીએ તેમ છતાં માનવજાત અમને નુકશાન પહોંચાડે છે.' માણસને શરમ આવી આ અફાટ રણમાં આ વૃક્ષ જ તેનું એક માત્ર સાથીદાર હતું. તે માણસ બે-ચાર દિવસમાં થોડું ઘણું પાઈ આ વૃક્ષને સીંચતો. અને પોતાનો ખોરાક શોધ્યા કરતો. રણમાં રસ્તો મળી રહ્યો ન હતો. બે ત્રણ દિવસમાં ભૂખ્યો તરસ્યો માણસ બોલ્યો, 'હવે મને ઘર તરફ જવાનો રસ્તો મળતો નથી.' બીજી કોઈ મદદના અણસાર નથી. હવે આપણે બેવ મૃત્યુની નજીક છીએ.'

એ વખતે વૃક્ષ બોલ્યું. 'અરે દોસ્ત હિંમત ન હાર. જો મારી ટોચ ઉપર ચમકતી બે કૂંપળ નવજીવનનું પ્રતિક છે. આવી કપરી પરિસ્થિતિમાં પણ હું ઠુંઠું બન્યા બાદ ફરી ઊગીને ઊભો થવાની હિંમત - ઈચ્છા મારી પ્રબળ છે તો તારી મદદથી મારામાં કૂંપળ ફૂંટી છે. તું પણ હિંમત રાખ. આ અફાટ રણમાંથી ઘર તરફ પહોંચવાની ઈચ્છા પ્રબળ રાખ તો ચોક્કસ માર્ગ મળશે.'

માણસની હતાશા દૂર થઈ અને તે ફરી રસ્તો અને ખોરાક પાણી શોધવા નવા જોમ સાથે નીકળ્યો.

# મિશન રાજસ્થાન ભાજપના નેતાઓની ઊંઘ હરામ કરી રહ્યું છે

**તંત્રીસ્થાનેથી...**

તહેવારના દિવસો જરૂર આવ્યા છે પણ એમના ચહેરા પર માસ્ક બાંધેલા છે. શ્રાવણ છે પણ શિવમંદિરોમાં કોરોનાનો પહેરો લાગી ગયો છે. શ્રદ્ધાસ્થાનકોને તાળાં લગાવી દઈ દર્શનાર્થીઓને દૂર રાખવાની વ્યૂહરચના અમલી બનાવાઈ રહી છે. ગુજરાત કોરોના સંક્રમણનો ગઢ બની ગયું છે. સરકાર લાખ પ્રયત્નો કરે પણ ગાઈડલાઈન મુજબ વર્તવા પ્રજાની તૈયારી નથઈ. જો કે તેથી નુકશાન તો પ્રજા જ વેઠી રહી છે. કોરોના રોજેરોજ પેલા માનવભક્ષી રાક્ષસની જેમ એનો શિકાર શોધી લે છે. બેસણાં રખાતાં નથી. આખેઆખી પ્રસ્થાપિત પરંપરા ઊંધે માથે પટકાઈ છે. પરંતુ આવી વિપરીત પરિસ્થિતિમાં પણ રાજકારણના ખેલ ચાલુ છે. મોદી જ આગામી લોકસભાની ચૂંટણીમાં સર્વાધિક લોકપ્રિય નેતા અને વડાપ્રધાન પદ માટે સૌથી વધારે યોગ્ય ઉમેદવાર હશે - એવાં પ્રાયોજિત સર્વેક્ષણો પણ ચાલુ છે. સંકલ્પપણના સંકલ્પોનું એક પછી એક જડબેસલાક અમલીકરણ એમને લોકમાનસમાં લાયક ઠેરવી રહ્યું છે - ભલે પછી વિકાસદર માઈનસ થતો રહે. વિકાસદરની સામે કોરોનાએ જબરું રક્ષાકવચ પૂરું પાડ્યું છે. પૃથ્વીને નક્ષત્રી કરવાના પરશુરામના સંકલ્પ જેવો જ મોદી અને શાહનો સંકલ્પ છે દેશમાંથી કોંગ્રેસનું નામોનિશાન મિટાવી દેવાનો. એ સંકલ્પ સિદ્ધ કરવા ચૂંટાયેલી કોંગ્રેસ રાજય સરકારોને યેનકેન પ્રકારેણ ગબડાવવી જરૂરી છે. લોકો ભલે એને અનૈતિક રાજનીતિ ગણે, પરંતુ ભારતીય જનતા પાર્ટીના સીધા કે આડકતરા શાસન હેઠળ આવી જાય તો મોદીને મજો પડી જાય, એ માટે જે કાંઈ કરવાજોગ લાગે તે કરવાનો છોછ નહી રાખવો એવો મેસેજ બધાને મળી ચૂક્યો છે. એમનો રાજસ્થાન પ્રોજેક્ટ થોડો ઘોંચમાં છે. સચીન નામનું છોકરડું ત્રીસ ધારાસભ્યોના ટેકાનાં બણગાં ફૂંકી મુખ્યમંત્રી બનાવવાની શરતે બળવો કરવા તૈયાર થયું. લીલી ઝંડી પણ મળી ગઈ. પણ એનો પનો ટૂંકો પડ્યો. રાજસ્થાનના કોંગ્રેસી મુખ્યમંત્રી જાદુગરના વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા છે. એમના જાદુગર પિતાને યુવાવસ્થામાં સ્ટેજ શોમાં મદદરુપ થતા. વળી પ્રદેશમાં એમની ચોખ્ખી ઈમેજ છે. તેઓ રાજસ્થાનના ગાંધી જેવી ઓળખ પણ ધરાવે છે. ખુદ જેમને ઉઠાડી મૂકીને રાજયના સુકાની બન્યા છે એવાં ભાજપના વરિષ્ઠ નેતા મહારાણી વસુંધરા રાજેની ગુડબુકમાં રહી શકે છે. બસપાના નિશાન પર ચૂંટાયેલા છ ધારાસભ્યોએ સાગમટે નાતરું કરી અશોક ગહલોતનું ઘરઘરણું કર્યું એથી માયાવતી નારાજ છે. પણ ગહલોત તો જાદુગર છે. ચૌદમી ઓગસ્ટે વિધાનસભાનું સત્ર બોલાવવા રાજયપાલ કલરાજ મિત્રને બંધારણીય ફરજ પડી ગઈ હોઈ ભાજપ હવે પોતાનાં ઘેટાં ફેંદાઈ ન જાય એની ફિકરમાં પડ્યું છે. સચીનના સમર્થકોને હરિયાણાની ભાજપ સરકાર સાચવી રહી છે. ગહલોતના ટેકેદારો જયપુર નજીકની હોટલમાં લહેર કરે છે. પરંતુ દક્ષિણ રાજસ્થાનના કેટલાક અપક્ષ કે બસપાની ટિકિટ પર ચૂંટાયેલા અથવા ટ્રાઈબલ પાર્ટીના ધારાસભ્યો પર અશોક ગહલોત જાદુઈ છડી ન ફેરવી દે એટલા માટે એમને ભારતીય જનતા પાર્ટીએ ગુજરાત મોકલી આપ્યા છે. એમને સોમનાથ દાદાનાં દર્શન કરાવી, ખવરાવી - પીવરાવી ઈદના શણગારેલા બકરાઓની જેમ 'એન ટાઈમે' જયપુર પહોંચાડાશે. કોરોના કી ઐસી કી તૈસી. મેઈન ટારગેટ રાજસ્થાનમાં જામી પડેલા જાદુગરને હટાવવાનું છે. જયાં સુધી આ પવિત્ર મિશન પૂરું નહીં થાય ત્યાં સુધી વડાપ્રધાન અને ગૃહપ્રધાનને સરખી ઊંઘ પણ નહીં આવે કે કકડીને ભૂખ પણ નહીં લાગે.

# ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ ૧૯૮૫ (પાસા)



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ગુજરાતમાં દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યક્તિઓ, ઔષધીય ગુન્હેગારો, અનૈતિક વેપાર કરનાર અને ગેરકાયદેસર રીતે મીલ્કતો પચાવી પાડનારાઓની તથા જાહેર વ્યવસ્થા જાળવી રાખવામાં મુશ્કેલી ઉભી કરનારને અસામાજીક અને ભયજનક પ્રવૃત્તિઓ અટકાવવાને તેની નિવારવા અટકાયત માટે જોગવાઈ કરવા ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા માટે ૧૯૮૫ માં અધિનિયમ નામદાર ગુજરાત સરકારે બહાર પાડેલ જે પાસા તરીકે ઓળખાય છે. આ અધિનિયમ સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવ્યો છે.

મુંબઈ નાશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા નવો ગુજરાત દારૂ બંધી કાયદા અન્વયે દારૂનો ગેરકાયદેસર ધંધો કરનારને પણ આ અધિનિયમ મુજબ કોઈપણ દારૂ, કેફી પદાર્થ, ઔષધ અથવા અન્ય કેફી પદાર્થ ગાળે, બનાવે, સંગ્રહ કરે, હેરફેર કરે, કરાવે, આયાત કરે, નિકાસ કરે તે વેચે અથવા મફત વહેચે અથવા આ પૈકી અન્ય્ વર્ણવેલ કૃત્યો કરે તેમાં પશુ, વાહન અન્ય હેરફેરના સાધનો રાખે, ઉપયોગ કરે, કરાવે અને માલસામાન પુરો પાડે અગર તો આવા કૃત્યો કરનારને મદદ કરે તે વ્યક્તિ પાસાના ગુન્હાને લાયક ગણવામાં આવશે તેમજ કોઈ વ્યક્તિ જુગારનો અડ્ડો ચલાવે, જુગાર રમાડે તો મુંબઈ જુગાર પ્રતિબંધ અધિનિયમ ૧૮૮૭ ની પેટા કલમ-૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હામાં દોષિત ઠરી હોય અને એવી રીતે દોષિત કર્યાની ત્રણ વર્ષની મુદત અંદર પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે તે કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો વારંવાર કરે અથવા કરવાની કોશિષ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ પણ આ અધિનિયમ મુજબ પાસાને લાયક ગુન્હેગાર ઠરશે.

કોઈ વ્યક્તિ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૮ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે વારંવાર કરે અથવા કરવાની કોશીષ કરે તેમજ મદદગારી કરે તેવી વ્યક્તિ પણ આ અધિનિયમ મુજબ ગુન્હેગાર ઠરશે તેમજ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૫ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાઓ પૈકિના કોઈપણ ગુન્હા વારંવાર કરે અથવા કરવાની કોશીષ કરે અગર તો મદદગારી કરે કરાવે તેમજ ભયજનક વાતાવરણ ફેલાવે, ગેરકાયદેસર શસ્ત્રની હેરાફેરી કરે, કરાવે અગર તો વેચાણ કરે તો આ અધિનિયમ મુજબ ગુન્હેગાર ઠરી પાસા કરવામાં આવે છે.

ઔષધ અને ઔષધ પ્રસાધન અધિનિયમ ૧૯૪૦ ની વ્યાખ્યામાં આવતા પદાર્થોમાં કલમ ૧૦ નું ઉલ્લંઘન કરીને કોઈપણ વ્યક્તિ ઔષધની આયાત, નિકાસ કરે, વેચાણ કરે તે વ્યક્તિ ઔષધ અધિનિયમની કલમ ૧૮ નું ઉલ્લંઘન કરી વેચાણ માટે પદાર્થ બનાવે, વેચે અથવા સ્ટોકમાં રાખે તેમજ વેચાણ માટે પ્રદર્શન કરે તેમજ આર્યુવેદ અને યુનાની ઔષધીનું વેચાણ માટે બનાવે તેમજ જે વ્યક્તિને જે વસ્તુ બનાવવા લાયસન્સ આપેલું હોય તે સીવાયની પ્રતિબંધીત દવાઓ, ઔષધો કે પદાર્થ બનાવે, વેચે અથવા સ્ટોકમાં રાખે પ્રદર્શીત કરે અગર તો મફત વહેચે તે વ્યક્તિ આ અધિનિયમ મુજબ ગુન્હેગાર બનશે.

કેફી ઔષધ અને મનઃ પ્રભાવી કૃત્ય અધિનિયમ ૧૯૮૫ ની કલમ ૮ નું ઉલ્લંઘન કરી કોઈપણ વ્યક્તિ કોકાના છોડનું, અફિણના ડોડવા અથવા ચરસ, ગાંજાના છોડનું વાવેતર કરે અથવા કોઈપણ કેફી પદાર્થ અથવા મનઃ પ્રભાવી ઔષધ ઉત્પન્ન કરે, બનાવે, કબજામાં રાખે, વેચે, આયાત, નિકાસ કરે, આંતર રાજય કે ભારતમાં આયાત નિકાસ કરે વહાણમાં નિકાસ કરે તે વ્યક્તિ આ અધિનિયમ મુજબ ગુન્હેગાર બનશે.

અનૈતિક વેપાર ગુન્હેગાર એટલે કે જે વ્યક્તિ સ્ત્રી, યુવતિ અગર તો કન્યાનો અનૈતિક વેપાર, દમન અધિનયમ ૧૦૫૬ મુજબ કોઈપણ ગુન્હો વારંવાર કરે અથવા તો કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ આ અધિનિયમ પાસા મુજબ ગુન્હેગાર ઠરશે.

જે વ્યક્તિ પોતાની મીલ્કત નહિ પણ સરકારની, સ્થાનિક સત્તા મંડળની અથવા અન્ય વ્યક્તિની મીલ્કતની કોઈપણ જમીન ગેરકાયદેસર રીતે કબજો લે અથવા ગેરકાયદેસર કરાવે તે વ્યક્તિ તે જમીન ઉપર વેચાણ અથવા ભાડે અનઅધિકૃત બાંધકામ કરે, ભોગવટો કરે, ભાડા ઉઘરાવે, વસુલી કરે અગર તો કબજા ખાલી કરવા ધાકધમકી આપે, બળજબરી કરે તો પણ પાસા હેઠળ કાર્યવાહીને પાત્ર બનશે.

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તેમજ મુંબઈ પ્રોબીન્સીયલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯, ગુજરાત નગર પાલીકા અધિનિયમ-૧૯૬૩ અથવા યથાપ્રસંગ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ મુજબ કોઈપણ વિસ્તારમાં હકુમત ધરાવતા અધિકારીની લેખીત પરવાનગી સીવાય બાંધકામ કરે, કરાવે અગર વેચે તો આ અધિનિયમ મુજબ પાસા કરવામાં આવે છે.

ગુજરાત સુખ, શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજકોકની પણ રચના કરી અમલમાં મુકવામાં આવ્યો છે જે આ અધિનિયમની જોગવાઈને આધીન લાગુ કરવામાં આવે છે.

# મુશ્કેલીઓનો સહેજ પણ મનોબળ ગુમાવ્યા વિના સામનો કરીએ...



## WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

મનોબળ એટલે આત્મવિશ્વાસ. દૃઢ મનોબળવાળા લોકો થકી જ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. અનેક લોકોના એવા ઉદાહરણ વખતોવખત મળ્યા છે કેલ જેમને કુદરતે કેટલીક શારીરિક અપૂર્ણતાઓ આપી હોય, આમાંના ઘણા લોકો આ તમામ શારીરિક ક્ષતિઓ સામે લડીને પણ જીવનમાં સિદ્ધિના શિખરો સર કરી શકયા છે, અને આ વિષયમાં હેલન કેલરથી મોટું ઉદાહરણ ભાગ્યે જ હોઈ શકે. ઈ.સ.૧૮૮૦ માં ૨૭મી જૂને એમરિકાના આલબામા રાજયના ટ્યુસકુમ્બિયા નામના નાના ગામમાં જન્મેલા આ મહાન મહિલાનું જીવન આજે પણ પ્રેરણાના સ્ત્રોત્ર સમાન છે. દ્રઢ મનોબળનું સર્વોચ્ચ ઉદાહરણ આપણા શાસ્ત્રોમાં ભીષ્મ પિતામહનું છે.

સંપૂર્ણ સ્વસ્થતા અને દ્રઢતાથી તેઓએ જે નિશ્ચય કર્યો તેને આજીવન વળગી રહયા. વીર સાવરકરને જયારે કાળા પાણીની સજા થઈ ત્યારે અંગ્રેજ અધિકારએ તેમને કહયું કે તમારી જિંદગી તો હવે જેલમાં જ પૂરી થશે! પરંતુ, આ વાતથી વીર સાવરકર સહેજ પણ ડગ્યા નહિ કારણ કે તેમનું મનોબળ કાળા પાણીને ઘૂઘવતા જળ વચ્ચે મકકમ બનીને ઊભા રહેલા ખડક જેવું હતું! તેમણે જેલરને જવાબ આપ્યો કે મારી સજા પૂરી થશે તે પહેલાં આ દેશ પરથી અંગ્રેજ સત્તા પૂરી થશે અને દેશ આઝાદ બનશે! દ્રઢ મનોબળની ઘણીવાર ચમત્કારિક અસર થતી હોય છે! જયારે કોઈ નાની એવી વાતમાં અનુકૂળ પરિણામ ન આવે તો જિંદગી હારી ગયા હોઈએ તેવું માની લેવાની જરૂર નથી. અને આ વાતાવરણ સમાજમાં સૌએ સામૂહિક રીતે ઊભું કરવું પડશે.

પ્રશ્ન આપણો છે, સમસ્યા આપણે જ ઊભી કરેલ છે તો તેનો ઉકેલ પણ આપણે જ શોધવો પડશે.

બંદર છો દૂર છે
જાવું જરૂર છે
બેલી તારો... બેલી તારો... બેલી તારો
તું જ છે ?

વર્તમાન યુગમાં Electronic equipments ના વધુ પડતા ઉપયોગના કારણે તેમ જ Special media ના અવિવેકી ઉપયોગને લીધે ઉપરછલ્લી રીતે એક વ્યકિત અન્ય વ્યકિત સાથે સંકળાયેલી દેખાય છે પરંતુલ અન્ય વ્યકિતના મન સુધી પહોંચવામાં તે નિષ્ફળ બને છે. તે ઈન્ટરનેટની મદદથી કેટલાય કિલોમીટર દૂર રહેતા મિત્ર સાથે તો સંપર્કમાં રહે છે પરંતુ, તેની સાવ બાજુના મકાનમાં રહેતી કોઈ વ્યકિતનો તેને પરિચય પણ નથી? વિભકત કુટુંબો અને Working Parents (હોવાને કારણે બાળક નાનપણથી જ પોતાની લાગણીઓ, ક્રોધ, રોષ, મૂંઝવણ, પ્રેમ તથા આનંદ કોઈ અંગતની સાથે Share કરવાનું શીખ્યો જ નથી. એવા સમયે Internet સહારો લઈ કે Video games માં પોતાની જાતને પરોવી તે પોતાની મનઃસ્થિતિને અવગણતો થઈ જાય છે? આ બધી બાબતો લાંબા સમયે તેના વ્યકિતત્વ પર અસર કરે છે તેનું મનોબળ ક્રમશઃ ક્ષીણ થતું જાય છે. માટે જ સ્વામી વિવેકાનંદ લખે છે કે,

''જે કેળવણી
જીવનના સંઘર્ષ માટે સજજ થવામાં
સહાય આપતી નથી,
ચારિત્ર્યની શકિતને, લોકકલ્યાણની ભાવનાને
અને સિંહના જેવી હિંમતને ખીલવતી નથી,
તે શું કેળવણીના નામને લાયક છે ?''

આપણે ત્યાં સાધનોના ઉપયોગને મદદરૂપ ગણવાને બદલે આપણે સાધનાના ગુલામ બની જઈએ છીએ. દેખાદેખી અને એશઆરામની જિંદગીના નામે ગમે તેટલો ખર્ચ કરતાં પણ વ્યકિત અચકાતી નથી. પણ દુર્ભાગ્યવશ જયારે આ પ્રકારની સુખ- સુવિધાઓ તેને પ્રાપ્ત ન થઈ શકે ત્યારે તેના વિના ચલાવી લેવાની વૃત્તિ કેળવવાને બદલે તેના મનોબળ પર પ્રહાર થાય છે. તે અંદરથી તૂટવા લાગે છે. દુનિયાની સમક્ષ તે artificial smile આપે છે પરંતુલ એકાંતમાં અલ્પ મનોબળના કારણે ક્ષુબ્ધ બની જતો જણાય છે! માટે ખરેખર તો બાળકોને બાળપણથી જ જીવનના સંઘર્ષ સામે લડતાં શીખવવું જરૂરી છે એન તે માટે કવિઓએ બાળકો માટે લખ્યું પણ છે બાળશિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોએ પણ આ માટે પ્રયત્નો કર્યા છે. બાળચેતનાની સાથે અનુસંધાન સાધી શકે તેવા પ્રેરક કાવ્યો બાળકોને નાનપણથી જ શીખવવામાં આવે છે.

પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં આવી કેટલીય સુંદર કવિતાઓ બાળકોને પ્રોત્સાહિત કરવા અને મનોબળ વધારવાના હેતુસર જ શીખવવામાં આવે છે.

આવી જ એક સુંદર રચના અમૃત 'ઘાયલ'ની છે -

''રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના ?
મનમાં વિચાર શું છે ? અવિરામ કંઈ દીપક છે
પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના !
એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર જખ્મને નજરથી ટાંકા ભરી જવાના!''

રોજબરોજના વ્યસ્ત જીવનથી થાકીને મન કયાંક ખોવાઈ જવા ઈચ્છે છે. પણ આપણે તો એને, મદારી સાપને ટપલી મારીને કરંડિયમાં પૂરી દે તેમ, શાંત પાડી દઈએ છીએ. મનને મારીને જીવતાં આપણને આવડી ગયું છે, ચાર્લ્સ નોરટન લખે છે કે, ''તમારો વ્યવસાય ચાહે તે હોય અને તમારા કલાકો પ્રવૃત્તિથી ગમે તેટલા ભરચક હોય, પણ તમારા આંતરજીવનને તાજગી આપવા યોગ્ય થોડીક પળો રોજેરોજ મેળવવાનું ચૂકશો નહીં. '' મનની સ્વસ્થતાનો ઘણો આધાર તનની સ્વસ્થતા પર પણ રહેલો છે તન અને મનની સ્વસ્થતા માટે વ્યકિતની જીવનશૈલી શુધ્ધ અને સાત્વિક બને તે જરૂરી છે. આ માટે તેનું પ્રકૃતિ સાથેનું અનુસંધાન જળવાય તે પણ જરૂરી છે. પરંતુ, હવે પ્રકૃત્તિ સાથેનો આપણો સંપર્ક ધીરે–ધીરે છૂટતો જાય છે મનોબળ દ્રઢ કરવા માટેની પ્રેરણા આ ઈશ્વરસર્જતિ સૃષ્ટિમાંથી ભરપૂરપણે મળી આવે છે! આ ફૂલોને કોઈ મસળી નાખે છતાં તે કઈ રીતે મહેકયા કરતાં હશે? કવિશ્રી મકરંદ દવે લખે છે કે,

'' ફૂલ તો એની, ફોરમ ઢાળી રાજી
મસળી નાખે કોઈ તો સામે
મહેક દે તાજી તાજી!''

પુષ્પો, પંખીઓ, નદીઓ, દરિયો, પર્વતો આ તમામ કોઈ ને કોઈ સ્વરૂપે દ્રષ્ટાંતરૂપ બનીને આપણા મનોબળને વધુ સુદ્રઢ અને જાગૃત કર્યા કરે છે. આ તમામ આપણને જીવનમાં આવતી મુશ્કેલીઓનો હસતા મોઢે અને સહેજ પણ મનોબળ ગુમાવ્યા વિના સામનો કરતા શીખવે છે. પ્રકૃતિ હંમેશા મનુષ્યની પથદર્શક બનતી રહી છે.

મહાન ક્રાંતિકારી વિચારક ઈલિચ લખે છે કેલ ''આપણે બધા જ અધૂરા અને કમજોર છીએ, કેટલાક શારીરિક દૃષ્ટિએ, કેટલાક માનસિક તો કેટલાક ભાવનાત્ક દૃષ્ટિએ. આથી નવી દુનિયા માટે આપણે સાથે મળીને કામ કરવું પડશે.

અનુસંધાન પાના નં ૭ પર

# ભારત આવતી ગાડીમાંના હિંદુ પઠાણ પરિવારોને રહેંસી નંખાયા



## અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ચરોતરની વીરાંગના કમળાબહેન પટેલની ભાગલાના એ લોહી તરસ્યા કત્લેઆમના માહોલમાં પણ ભારત-પાક મહિલાઓને બચાવવાની યશસ્વી કામગીરી જોખમી તો હતી પણ એ બાહોશ મહિલા પોતાની આસ્થા-નેત્રી મૃદુલા સારાભાઈના નિર્દેશ પ્રમાણે જાનના જોખમે પણ માનવીય કામ કર્યે જતી હતી. ''મૂળ સોતાં ઊખડેલાં''માં કંઈક કેટલીય બળૂકી સત્ય કહાણીઓ વર્ણવવામાં આવી છે. વાયવ્ય પ્રાંત (હવેના ખૈબર પખ્તૂનખ્વા)ના બન્નુ શહેરમાં જાન્યુઆરી ૧૯૪૮ લગી રહેતા હિંદુ પઠાણ પરિવારો માટે ખાસ ટ્રેનની સગવડ થઈ અને બાલ-બચ્ચાં સાથે ૧૫૦૦ જેટલાં માણસો, એમના રક્ષણ માટે ૬૦ ભારતીય સૈનિક વળાવિયા સાથે, લાહોર આવવા નીકળ્યાં. કાશ્મીર લડાઈ ચાલુ હતી એટલે રાવલપિંડી, ગુજરાત અને જેલમ જિલ્લા ભારતીય ડિપ્લોમેટિક સ્ટાફ માટે બંધ હતા. એટલે એ ગાડી વાયા સરગોદા લાવવાનું નક્કી થયેલું અને એ લાહોર પહોંચે એટલે ઉતારુઓને ટ્રક મારફત અમૃતસર પહોંચાડવાની વ્યવસ્થા ડેપ્યુટી હાઈ કમિશનની ઓફિસે કરી રાખેલી હતી. રાતે ગાડીનો માર્ગ એકાએક બદલાઈ ગયાના વાવડ આવ્યા. ગાડી સરગોદાને બદલે ગુજરાત સ્ટેશને સવારે છ વાગ્યે પહોંચી.મામલો અહીં બીચાકાવાનો હતો. લશ્કરી વળાવિયાઓની કતલ કરવાની અહીં યોજના બનેલી હતી. થયું પણ એવું જ. ત્યાં રાહ જોતા હુમલાખોરોએ ગોળીબાર કર્યા અને સામસામા ગોળીબારમાં વળાવિયા સૈનિકો સાથે મુસાફરો પણ માર્યા ગયા અને કેટલાક ઘવાયા. ભારતીય ડિપ્લોમેટિક સ્ટાફ માટે આ વિસ્તાર પ્રતિબંધિત હતો, નહીં તો આવી ઘટના બને ત્યારે એ ત્યાં દોડી જાય.

**મુસ્લિમોની ટ્રેન પર હુમલો ખાળવો**

આવા તંગ વાતાવરણમાં પણ લાહોર આવેલાં મૃદુલાબહેન સારાભાઈ પ્રતિબંધિત ગુજરાત જવા નીકળી પડ્યાં. માથે જાનનું જોખમ હતું છતાં એમણે જવાનું પસંદ કર્યું. મડદાંના ઢગ સગ્ગી આંખે નિહાળ્યા. ભારતીય પોલીસ અને લશ્કરી અધિકારીઓનો સંપર્ક કર્યો. સૂચના પણ આપી કે ઈજાગ્રસ્તોને લાહોર છાવણીમાં લઈ જવાય અને તેમની સારવાર થાય. મૃદુલાબહેનનો આદેશ કમળાબહેન માટે તો શિરોમાન્ય જ હોય. એ વ્યવસ્થામાં લાગી ગયાં. મૃદુલાબહેન દિલ્હી પહોંચી ગયાં પણ ત્યાંથી કમળાબહેન પર ફોન આવ્યો કે ગઈ રાતે ટ્રેનમાં જે કત્લેઆમ થઈ છે એનો બદલો લેવા પાકિસ્તાન જતી મુસ્લિમોની ટ્રેન પર હુમલો ખાળવો અને મોટર માર્ગે કમળાબહેને તત્કાળ અમૃતસર પહોંચવું. ટ્રેનને ત્યાં અટકાવી દેવાઈ હતી.

**મૃદુલા સારાભાઈના રૂપમાં સાક્ષાત ઈશ્વર**

વાયવ્ય પ્રાંતથી આવેલી ગાડીમાં કત્લેઆમનો મામલો અપેક્ષા કરતાં વધુ ગંભીર હતો. પેલા ગુજરાત સ્ટેશનના હુમલામાં ૬૦માંથી ૫૮ વળાવિયા સૈનિકોને મોતને ઘાટ ઉતારાયા હતા. બીજા બેને ગંભીર ઈજા પહોંચી હતી. ટ્રેનનો રૂટ કેમ બદલાયો એ સમજતાં વાર નહોતી લાગી કારણ એ ટ્રેનના ડ્રાયવર અને ગાર્ડ પાકિસ્તાની હતા. કમળાબહેન લખે છેઃ ''લાખોની રોકડ અને જર-ઝવેરાત

- **લાહોર આવેલાં મૃદુલાબહેન સારાભાઈ પ્રતિબંધિત ગુજરાત જવા નીકળી પડ્યાં, મડદાંના ઢગ સગ્ગી આંખે નિહાળ્યા**
- **ગુજરાત સ્ટેશનના હુમલામાં ૬૦માંથી ૫૮ વળાવિયા ભારતીય સૈનિકોને મોતને ઘાટ ઉતારાયા, બે ગંભીર ઈજાગ્રસ્ત**
- **કોઈ વકીલ કેસ લડવા મળે નહી એટલે કમળાબહેન પટેલે જ પોતાના સાત છાવણીવાસીઓનો પક્ષ રજૂ કરવો પડ્યો**
- **હજુ હમણાં એકબીજાનાં ગળાં કાપનાર કોમોના લોકો પરસ્પરને ભેટતા હતા અને એકબીજાને મીઠાઈ ખવડાવતા હતા**

લઈને હિંદુ પઠાણોનો ધનિક વર્ગ આ ગાડીમાં આવતો હતો એ હકીકતનો ખ્યાલ એ જ વિસ્તારના મુસ્લિમ પઠાણોને હતો એટલે આ માલમતા લૂંટવાની તેમણે યોજના બનાવી હતી....તેઓ મનમાની લૂંટ અને કતલ કરી હાથ આવી તે સ્ત્રીઓને ઉઠાવી ગયા...લાશોના ઢગલામાંથી ઘવાયેલાઓને છૂટા પાડી લાહોર મોકલવા માટેનાં વાહનોમાં પહોંચાડવાની,મરણ પામેલાઓની અંતિમ વિધિ કરવાની અને શબના ઢગલા નીચે દબાયા છતાં જીવી ગયેલાં બાળકોને દૂધ પીવડાવી ટ્રકોમાં બેસાડવા સુધીનાં બધાં જ કામો તેમની (મૃદુલાબહેનની) સીધી દેખરેખ નીચે થયાં. લગભગ બધાં જ મુસાફરોએ કહ્યું કે 'મિસ સારાભાઈના રૂપમાં સાક્ષાત ઈશ્વર જ અમારા સહારે આવ્યા હતા.''

**ભગતસિંહવાળી કોર્ટમાં કમળાબહેન**

પાકિસ્તાનીઓ અપહૃત હિંદુ સ્ત્રીઓને ભારત જવા નહી દેવાના સંકલ્પ સાથે કંઈ પણ કરવા સજ્જ હતા. કમળાબહેનની છાવણીમાં આવેલાં સાત જેટલાં સ્ત્રી-બાળકો અંગે હેબિયસ કોર્પસ અરજી લાહોરની એ કોર્ટમાં થઈ હતી જ્યાં ક્યારેક શહીદ-એ-આઝમ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવનો ખટલો ચાલ્યો હતો. કમળાબહેને એ સાતેયને લઈને અદાલતમાં હાજર થવાનું હતું. એ ગયાં ત્યારે ભગતસિંહ અને સાથીઓનું સ્મરણ તેમને હરખાવતું હતું, પણ ત્યાંના વકીલો અને બીજાઓનું વલણ જોઈને એમનો ઉત્સાહ ઓસરી ગયો. ન્યાય મળવાની શક્યતા ના જણાઈ.એમને એ સમયે પરિચિત રાબિયા કારી મળી ગયાં એટલે થોડો હાશકારો અનુભવાયો, પણ કોઈ વકીલ કેસ લડવા એમને મળે નહીં એવા માહોલમાં એક ખ્રિસ્તી વકીલ તૈયાર થયો તો એના બહિષ્કારની વાત ઊઠી એટલે એ પણ ફસકી ગયો. કમળાબહેન સાથેના નૈયર મૂળે મેજિસ્ટ્રેટ રહ્યા હતા, પણ પાકિસ્તાનની કોર્ટમાં એમનું રજિસ્ટ્રેશન નહીં હોવાને કારણે એ પણ નિરુપાય હતા. આખરે કમળાબહેને પોતે જ અદાલતમાં પોતાના સાત છાવણીવાસીઓનો પક્ષ રજૂ કરવો પડ્યો હતો. અદાલતનો માહોલ જ વિરોધી હતો એટલે ન્યાયની અપેક્ષા નિરર્થક હતી. ''પાકિસ્તાનમાંથી અમે સ્ત્રીઓને ભારત મોકલવા માંગતા નથી'' એવી બૂમો વકીલો પાડી રહ્યા હતા. કમળાબહેન નોંધે છેઃ ''બુદ્ધિજીવીઓના આવા વલણથી મારું મન ઘેરા વિષાદથી છવાઈ ગયું. પેલાં સ્ત્રી-બાળકોને પાછાં સોંપવાં પડ્યાં એના કરતાં વિશેષ દુઃખ તો આ એડવોકેટોની વાતો અને વર્તનથી મને થયું.''

**નેતાઓએ વહેતું મૂકેલું કોમી ઝેર**

ઉપરોક્ત ઘટના બની એ જ ગાળામાં વાઘા-અટારી સરહદ પર ભારત અને પાકિસ્તાનના નાગરિકોનું મિલન ગોઠવાયું હતું. સરહદ પર મેળો અને આનંદ-ઉત્સવનું વાતાવરણ જામ્યું હતું. મુસ્લિમો અને શીખો વચ્ચે કોઈ દુશ્મની હતી એવો ખ્યાલ સુદ્ધાં આ દ્રશ્ય જોનાર અજાણ્યાને આવે તેમ ન હતું. કમળાબહેનને એ સંદર્ભે જે લાગણી થઈ એ શબ્દો આવા હતાઃ ''થોડા સમય પહેલાં જ એકબીજાનાં ગળાં કાપનાર કોમોના લોકો પરસ્પરને ભેટીભેટીને મળતા હતા. એકબીજાના ખબરઅંતર પૂછતા હતા, સ્નેહીઓ વિશે પૂછપરછ કરતા હતા અને સાથે લઈ આવેલી મીઠાઈ એકબીજાને આગ્રહ કરીને ખવડાવતા હતા. આ દ્રશ્ય જોઈને વિચાર આવતો કે શું આ બધાએ જ બીજી કોમના માણસોને નિર્દય રીતે રહેંસી નાખ્યા હશે?'' એ પોતાનું તારણ કાઢીને વધુમાં નોંધે છે: ''વીતેલાં વર્ષો દરમિયાનનો વિચાર કરતાં સમજાય છે કે નેતાઓએ વહેતા મૂકેલા કોમી ઝેરથી ભરેલા વાતાવરણના પ્રવાહમાં સામાન્ય પ્રજા તણાઈ ગઈ.ધસમસતા આ પ્રવાહમાં પોતાને ધકેલનારા નેતાઓ તીરે સલામત રીતે ઊભા હતા તેવું ભાન પ્રજાને આવ્યું પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું.તોફાનોના વમળમાં અટવાતા એમનાથી સ્વસ્થતાપૂર્વક પાછળ નજર થઈ શકતી ન હતી. પ્રવાહની સાથે જ તણાયે જ એમનો છૂટકો હતો. કાઈદ-એ-આઝમ ઝીણાના મરણ સમયે ઉત્તર પ્રદેશ અને બિહારના મુસ્લિમ નિર્વાસિતોએ 'એક સાલ પહલે મરતે તો હમ ઘર ઔર ગાંવ સે બિછડતે નહીંહ્ન- એવા કાઢેલા ઉદગારમાં પ્રજાને મોડી મોડી પણ નેતાઓની ભૂલ સમજાઈ ગયાનો નક્કર પુરાવો મળે છે.''

- haridesai@gmail.com